અંધારું અંતર ઓરડીએ, પળ પળ માંહી પાયે પડીએ, અંતરની જ્યોતિ પ્રગટાવો, જીવન અમ ઉજ્જ્વળ કરીએ...

## રાજ્યમાં વધુ ૧૩૮૪૭ નવા કેસ : ગાંધીનગરમાં ૩૨૦ : અમદાવાદમાં ૫૦૬૦

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૫૧ | ૨ મે, ૨૦૨૧, રવિવાર; ચૈત્ર વદ - ૬ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦

# કોરોના બેફામ : દૈનિક કેસ ૪ લાખને પાર

### દેશમાં કોરોના તમામ રેકોર્ડ તોડી રહ્યો છે : ૧,૫૬,૮૪,૪૦૬ લોકો રિકવર પણ થયા : એક જ દિવસમાં ૩૫૨૩ લોકોએ કોરોનાથી જીવ ગુમાવ્યા



નવી દિલ્હી,તા.૧

દેશમાં કોરોના તમામ રેકોર્ડ તોડી રહ્યો છે. આજે પહેલીવાર એક જ દિવસમાં ચાર લાખથી વધુ કેસ નોંધાયા છે જ્યારે ૩૫૦૦થી વધુ મોત થયા છે. એપ્રિલ મહિનામાં કોરોનાની ગતિ ખુબ વધારે જોવા મળી. આ દરમિયાન સંક્રમણના દૈનિક કેસમાં રોકેટ ગતિથી વધારો થયો. માત્ર સંક્રમણ જ નહીં એપ્રિલમાં તો મોતનો આંકડો પણ ખુબ ડરામણો જોવા મળ્યો. આ મહિનામાં ૪૮,૭૬૮ લોકોના મોત કોરોનાના કારણે થયા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે સવારે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાંથી કોરોના વાયરસના નવા ૪,૦૧,૯૯૩ દર્દીઓ નોંધાયા છે. આ સાથે કુલ કેસનો આંકડો ૧,૯૧,૬૪,૯૬૯ પર પહોંચ્યો છે. જ્યારે ૧,૫૬,૮૪,૪૦૬ લોકો રિકવર પણ થયા છે. એક જ દિવસમાં ૩૫૨૩ લોકોએ કોરોનાથી જીવ ગુમાવ્યો. દેશમાં કોરોનાથી કુલ મૃત્યુનો આંકડો ૨,૧૧,૮૫૩ પર પહોંચી ગયો છે. હાલ દેશમાં ૩૨,૬૮,૭૧૦ લોકો સારવાર હેઠળ છે. રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધી દેશમાં ૧૫,૪૯,૮૯,૬૩૫ રસીના ડોઝ આપવામાં આવ્યા છે. શુક્રવારે ૪,૦૧,૯૯૩ નવા કેસ નોંધાયા. જે દૈનિક કેસ મામલે સમગ્ર દુનિયામાં સૌથી વધુ છે.

# ભરુચની વેલફેર કોવિડ હોસ્પિ.માં રાત્રે ભીષણ આગથી ૧૮નાં મોત

### હોસ્પિટલમાં દાખલ અન્ય દર્દીઓને રેસ્ક્યૂ કરીને જિલ્લાની અલગ અલગ હોસ્પિટલમાં શીફ્ટ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી

ભરૂચ,તા.૧

ભરૂચ શહેરની વેલફેર હોસ્પિટલ સ્થિત કોવિડ સેન્ટરના આઈસીયુમાં રાતે પોણા એક વાગ્યાના અરસામાં ભીષણ આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. ઘટનામાં ૧૮ લોકો ગંભીર રીતે દાઝી જવાથી મોતને ભેટયા છે. પ્રાપ્ત અહેવાલો મુજબ ભરૂચ જંબુસર બાયપાસ પર આવેલી વેલફેર હોસ્પિટલને ડેઝિગનેટેડ કોવિડ હોસ્પિટલમાં જાહેર કરવામાં આવી હતી. જેથી ભરૂચના અનેક કોરોના પોઝિટીવ દર્દીઓને આ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહીં હતી. તેવામાં મધ્યરાત્રીએ હોસ્પિટલના કોવિડ વોર્ડના આઈસીયુ-૧માં અચાનક આગ લાગતા ૧૮ જેટલા દર્દીઓ બળીને ભડથું થઈ ગયા હોવાના અહેવાલ પ્રાથમિક તબક્કે જાણવા મળી રહ્યાં છે. હોસ્પિટલમાં દાખલ અન્ય દર્દીઓને રેસ્ક્યૂ કરી જિલ્લાની અલગ અલગ હોસ્પિટલમાં શીફ્ટ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

હોસ્પિટલના કોવિડ વોર્ડમાં આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનુ પ્રાથમિક તારણ જાણવા મળી રહ્યું છે. બનાવ અંગેની પ્રાથમિક માહિતી અનુસાર તા. ૩૦ એપ્રિલની મધ્યરાત્રીએ




હોસ્પિટલાના કોવિડ વોર્ડમાં અચાનક આગ લાગતા ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. હોસ્પિટલમાં આગ લાગી હોવાની વાત વાયુ વેગની જેમ ફેલાતા ભરૂચના પશ્ચિમ વિસ્તારના ૪ થી ૫ હજાર લોકો હોસ્પિટલ બહાર દોડી આવ્યાં હતા. બીજી તરફ હોસ્પિટલમાં દાખલ દર્દીઓના સ્વજનો તેમને બચાવવા માટે આજીજી કરી રહ્યાં હતા.

# ભારતમાં લોકડાઉન અનિવાર્ય : યુએસ

વોશિંગ્ટન, તા.૧

દેશમાં કોરોના વાયરસની બીજી લહેરમાં કેસો વધી રહ્યા છે. ૨૨ એપ્રિલથી દેશમાં કોરોનાના ૪ લાખ નવા કેસને પાર કરી ગયો છે. બાઈડન પ્રશાસનના ચીફ મેડિકલ ઓફિસર અને મહામારી એક્સપર્ટ ડો. એન્થોની ફાઉચીએ સંક્રમણને રોકવા માટે કામ કરી રહ્યા છે. ખાનગી ન્યૂઝ એજન્સી સાથે વાત કરતા ડો. એન્થોની કહ્યું કે ભારતમાં કોરોનાની ચેઈન રોકવા અમેરિકાના સાત રાષ્ટ્રપ્રમુખો સાથે કામ કરી ચુકેલા ડો. ફાઉચીએ જણાવ્યું હતું કે કોઈ એવું નથી ઈચ્છતું કે દેશને બંધ કરવામાં

### ભારતમાં થોડા સપ્તાહનું લોકડાઉન સંક્રમણની સાંકળને તોડી શકે છે : ડો. એન્થોની ફાઉચી

દરરોજ ત્રણ લાખથી વધુ નવા કેસ નોંધાઈ રહ્યા છે. ૧ મેના રોજ હવે આ આંકડો છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાની ચેઈન રોકવા માટે કેટલાક સૂચનો આપ્યા છે. ડો. એન્થોની વૈશ્વિક સ્તરે કોરોના માટે ૬ મહિનાના શટડાઉનની જરૂર નથી, પરંતુ અસ્થાયી શટડાઉન કરાઈ શકે છે. આવે, પરંતુ ભારતમાં થોડા અઠવાડિયાનું લોકડાઉન ચેપની સાંકળ તોડી શકે છે. ઈન્ટરવ્યૂમાં, ડો. ફાઉચીએ કોરોના વાયરસને રોકવા માટે તાત્કાલિક, મધ્યવર્તી અને લાંબા ગાળાના ત્રણ ઉપાયોનો ઉલ્લેખ કર્યો છે.

તેમણે કહ્યું કે પહેલા તમારે એ જોવું પડશે કે તમે તરત જ કયા પગલા લઈ શકો છો. અથવા તે પછીના બે અઠવાડિયામાં કયા પગલાં લેવામાં આવશે.

# આજે પાંચ રાજ્યોના પરિણામ

### પ.બંગાળમાં ભાજપનો ભગવો કે મમતા સત્તા યથાવત...? : બધાની ધડકનો વધી, આસામમાં ભાજપને સત્તા મળી શકે, તમિલનાડુ પોંડિચેરી માં શું થશે

ન્યુ દિલ્હી,તા.૧

દેશની અંદર અત્યારે કોરોનાવાયરસ મહામારી ભયંકર રીતે ફેલાયેલી છે અને બધા તેમાં જ વ્યસ્ત છે અને આવા સંકટ વચ્ચે આવતીકાલે પશ્ચિમ બંગાળ સહિત પાંચ રાજયોમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર થવાના છે અને આવતીકાલ સવારથી મતગણતરી શરૂ થઈ જશે. તમામ રાજકીય પક્ષો સહિત દેશભરની નજર આવતીકાલના પરિણામ તરફ મંડાઈ ચૂકી છે અને જાત જાતના અનુમાનો અને દાવાઓ વચ્ચે બધાની ધડકનો ગતિશીલ બની ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ ગૃહમંત્રી અમિત શાહ ની પશ્ચિમ બંગાળમાં પ્રચારની મહેનત કેવી રંગ લાવે છે તે જોવાની ઉત્સુકતા વધી ગઈ છે.

ખાસ કરીને પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જી છેલ્લા દસ વર્ષથી સત્તા ભોગવી રહ્યા છે અને આવતીકાલે પરિણામ જાહેર થયા બાદ તેઓ સત્તા જાળવી રાખશે કે કેમ તે જોવું રસપ્રદ બનશે કારણ કે એક્ઝિટ પોલમાં મમતા બેનરજીની પાર્ટી અને ભાજપ વચ્ચે કાંટે કી ટક્કર દર્શાવવામાં આવી છે અને ભાજપ મમતા બેનરજીને મોટુ નુકશાન કરી શકે છે.

એજ રીતે આસામમાં પણ ભાજપને ફરીવાર સત્તા મળવાના સંજોગો એક્ઝિટ પોલમાં દર્શાવવામાં આવ્યા છે અને આસામમાં ભાજપ નો વિજય વાવટો ફરકી શકે છે તેવી સંભાવના દશામાં આવી છે અને આવતીકાલે દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જશે.

## કોરોના સંકટકાળમાં કેન્દ્ર સરકારે રાજ્યોને આપ્યા ૮૮૭૩ કરોડ

ન્યુ દિલ્હી,તા.૧

દેશમાં કોરોનાના સંકટ વચ્ચે કેન્દ્ર સરકારે રાજ્યો માટે ખજાનો ખોલી દીધો છે. નાણામંત્રાલયે શનિવારે વર્ષ ૨૦૨૧-૨૨ માટે સ્ટેટ ડીઝાસ્ટર રિપોન્સ ફન્ડના કેન્દ્રીય હિસ્સાનો પહેલો હપ્તો ૮૮૭૩.૬ કરોડ રુપિયા આપી દીધો છે. મંત્રાલયે કહ્યુ કે જાહેર કરવામાં આવેલી રકમના ૫૦ ટકા એટલે કે ૪૪૩૬.૮ કરોડ રુપિયાનો ઉપયોગ રાજ્યો દ્વારા કોરોનાને અટકાવવા માટે કરી શકાય છે.

# દિલ્હીની હોસ્પિટલમાં ઓક્સિજનની અછતથી આઠ દર્દીએ જીવ ગુમાવ્યા

નવી દિલ્હી, તા.૧

દિલ્હીની વધુ એક હોસ્પિટલમાં ઓક્સિજનની કમીના કારણે કોરોનાના આઠ દર્દીઓએ જીવ ગુમાવ્યા છે.જેમાં એક ડોકટરનો પણ સમાવેશ થાય છે. મળતી વિગતો પ્રમાણે દિલ્હીમાં ઓક્સિજનની કમી કેટલાય દિવસોથી છે અને સરકાર આ સમસ્યાનો કોઈ ઉકેલ લાવી શકે નથી.હાઈકોર્ટે પણ સરકારની ઝાટકણી કાઢી હોવા છતા ઓક્સિજનની અછતના કારણે લોકો મરી રહ્યા છે.હવે દિલ્હીની બત્રા હોસ્પિટલનો વારો આવ્યો છે.અહીંયા ઓક્સિજનની કેટલાક દિવસોથી અછત હતી.તંત્રને સતત હોસ્પિટલ દ્વારા આ મુદ્દે જાણ કરવામાં આવી રહી હતી.ગઈકાલે પણ ઈમરજન્સી સર્જાતા પાંચ ટન ઓક્સિજન પૂરો પડાયો હતો.જોકે આ ઓક્સિજન કેટલાક કલાકો ચાલે તેટલો જ હતો.

સવારે સાત વાગ્યે રાજ્ય સરકારની સાથે દિલ્હી પોલીસ ને પણ જાણ કરાઈ હતી.કારણકે ૩૦૦ દર્દીઓના જીવ દાવ પર લાગેલા હતા.આ પૈકીના અઢીસોને તો હાઈ ફ્લો ઓક્સિજન અપાઈ રહ્યો છે. જોકે ઓક્સિજન ટેક્ર બપોરે દોઢ વાગ્યે હોસ્પિટલ ખાતે પહોંચ્યુ ત્યાં સુધીમાં બહુ મોડુ થઈ ગયુ હતુ.અહીંયા આઠ દર્દીઓ મોત થયા હતા.જેમાં હોસ્પિટલના જ વરિષ્ઠ ડોકટર અને ગેસ્ટ્રોલોજી ડિપાર્ટમેન્ટના હેડનો સમાવેશ થતો હતો. તેમને પણ ઓક્સિજનની જરુર હતી. હજી પણ હોસ્પિટલ ઓક્સિજન માટે બૂમો પાડી રહી છે. મરનાર દર્દીઓમાથી ૬ આઈસીયુ વોર્ડમાં સારવાર લઈ રહ્યા હતા.

## શ્રદ્ધાંજલિ



### સ્વ. ભોળાભાઈ ઈશ્વરભાઈ પટેલ

સ્વ. તા.૩૦/૦૪/૨૦૨૧

કડવા પાટીદાર સમાજ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ગાંધીનગરના મહામંત્રીશ્રી, પાયાના ટ્રસ્ટીશ્રી, દિલેર દાતાશ્રી, ઘેઘૂર વડલા સમા સમાજ-કુટુંબના મોભી, પાટીદાર અગ્રણી આગેવાન અને સાચા માર્ગદર્શક એવા સ્વ.શ્રી ભોળાભાઈ ઈશ્વરભાઈ પટેલ (આંકવી) ગાંધીનગરને સમાજ ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવે છે.

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥

**કડવા પાટીદાર સમાજ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ગાંધીનગર**

- ગણેશભાઈ એસ. પટેલ - પ્રમુખ
- મનુભાઈ બી. પટેલ - ઉપપ્રમુખ
- મહેન્દ્રભાઈ એ. પટેલ - સહમંત્રી
- વિષ્ણુભાઈ બી. પટેલ - સહમંત્રી
- અશોકભાઈ કે. પટેલ - ખજાનચી
- મહેન્દ્રભાઈ પી. પટેલ - આંતરિક ઓડીટર
- બળદેવભાઈ બી. પટેલ - ચેરમેન - સમાજ ભવન
- નટુભાઈ એમ. પટેલ - ચેરમેન - ટેમ્પલ
- શિવાભાઈ જે. પટેલ - ચેરમેન - શિક્ષણ
- કે. કે. પટેલ - કન્વીનર - શિક્ષણ
- જ્યોત્સનાબેન એચ. પટેલ - ચેરમેન - મહિલા વિકાસ
- રમણભાઈ એમ. પટેલ - ચેરમેન - જીવનસાથી
- સુધાબેન એ. પટેલ - મહિલા કન્વીનર - જીવનસાથી
- અશોકભાઈ એચ. પટેલ (વકીલ) - લી.એડ્વાઈઝર
- રાજુભાઈ કે. પટેલ (વકીલ) - લી.એડ્વાઈઝર
- રાજુભાઈ એસ. પટેલ - પ્રો.ચેરમેન - ઉમા આવાસ યોજના
- ભરતભાઈ બી. પટેલ - પૂર્વપ્રમુખ
- મહેન્દ્રભાઈ જે. પટેલ - ટ્રસ્ટી (રાયસણ)

ટ્રસ્ટીગણ, દાતા, કારોબારી અને સમસ્ત કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર

Sanatize Available
Home, car, office, college
Senitize avalible
With smoke gun
Harsh Patel
(Gandhinagar)
9104505060

મારૂતિ સોફા
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા

FIGHT CORONA
Maunil Shah
M. 90998 72551
Sanitization & Disinfection
સેનેટાઈઝ સર્વિસ
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.
Portable Oxygen Cans Available For Emergency use
All COVID Fight Products Available